# કારંજા

| | |
|---|---|
| નામ તથા એડ્રેસ : | શ્રી દિગમ્બર જૈન અતિશય ક્ષેત્ર કારંજા (લાડ)<br>શ્રી મ. બ્ર. આશ્રમ, કારંજા (લાડ) જિ. વાશિમ (મહા.) |
| આવાગમન... | રેલ્વે સ્ટેશન–મૂર્તિજાપુર–૩૨ કિ.મી.<br>બસ સ્ટેન્ડ–કારંજા(લાડ) |
| પહોંચવાનો સરળમાર્ગ... | રેલ અને સડક રસ્તે. |
| નજીકનું શહેર... | વાશિમ-૬૫ કિ.મી., અમરાવતી–૬૫ કિ.મી.,<br>અકોલા-૨ કિ.મી. |
| નજીકના તીર્થક્ષેત્ર... | મુક્તાગિરિ–૧૧૫ કિ.મી., ભાતકુલી–૯૫ કિ.મી., શિરપુર અંતરીક્ષ પાર્શ્વનાથ–૧૧૫ કિ.મી., વાડોણા (રામનાથ)–૨૫ કિ.મી., ડિગ્રસ–૪૦ કિ.મી. |

તીર્થ પર ઉપલબ્ધ સુવિધાઓ—

આ અતિશયક્ષેત્રમાં ૧૫ રૂમોવાળી ધર્મશાળા છે. તેમાં ૫ રૂમ અટેચ બાથરૂમવાળા છે અને ૨ હૉલ છે. જેમાં ૧૦૦ યાત્રિઓને ઉતરવાની સુવિધાવાળા છે. યાત્રિઓના અનુરોધ પર ભોજન બનાવી આપવામાં આવે છે.

❀ આ અતિશય ક્ષેત્રમાં ૪ મંદિરો આવેલ છે. પ્રાચીનકાળમાં અહીં સેનગણ, કાષ્ઠાસંઘ અને બલાત્કારગણ નામની ત્રણ ભટ્ટારક ગાદીઓ હતી. સેનગણ સંબંધિત મંદિરમાં મૂળનાયક ભગવાન પાર્શ્વનાથની પ્રતિમા સાથે ૬૨ પાષાણની અને ૪૯ ધાતુઓની પ્રતિમાઓ છે. નંદીશ્વરદ્વીપની રચના કાંચની છે. કાષ્ઠાસંઘ સંબંધિત મંદિરમાં મૂળનાયક ચન્દ્રપ્રભુની પદ્માસન પ્રતિમા છે અને લાકડામાંથી બનેલ ૪૨ થાંભલાવાળું દારુમમંડપ જોવાલાયક છે. બલાત્કારગણ સંબંધિત મંદિરમાં ચન્દ્રપ્રભુની પ્રતિમા અને બે સહસ્રકૂટ જિનાલય છે. અહીં રહેવાની સુવિધા છે.

અહીં કંકુબાઈ જૈન શ્રાવિકાશ્રમ પણ છે.